તું હશે તો થઈ જશે ભવ પાર આ, પ્રેમ એ તો સર્વ સુખનું મૂળ છે!



નિરંજન યાજ્ઞિક

મોટી દમણના જામપોર બીચ રોડ પર લટાર મારતો આથોસ હતો તો પોર્ટુગિઝ પણ જન્મ અહીં અને વાતાવરણ પણ અહીંનું એટલે નામ સિવાય એ ગુજરાતી જ લાગે. હા, ચહેરા પર ફેરફાર લાગે.

આમ તો એ લટાર મારવા જ નીકળ્યો હતો પણ સામેથી ગુલ ફર્નાન્ડીઝને આવતી જોઈને એ અટકી ગયો.

“એ આથોસ,” ગુલે એની નજીક આવીને કહ્યું, “કેમ ખરા બપોરે ફરવા નીકળ્યો છે?”

“જેમ તું નીકળી છે એમ જ,” કહીને આથોસ હસ્યો, “મારે એક નવી પેન લેવી હતી એટલે બજારમાં ગયો હતો.”

“લે,” ગુલ બોલી, “હું પણ સ્ટેશનરીની દુકાને જ જતી હતી, મારે નોટબુક લેવી છે. તું નવરો હોય તો ચાલ મારી સાથે.”

આથોસને તો નેકી ઔર પૂછપૂછ જેવું થયું. એ તરત જ ગુલની સાથે બજાર તરફ જવા નીકળી પડ્યો.

“કાલે આપણી હાઈસ્કૂલમાં વક્તૃત્વસ્પર્ધા છે,” ગુલે પૂછ્યું, “તને યાદ તો છે ને?”

“યાદ ન હોય?” આથોસે કહ્યું, “મેં પણ નામ નોંધાવ્યું છે ભાગ લેવા માટે ને મને ખબર છે કે તેં પણ નામ નોંધાવ્યું છે.”

“આપણે બે તો સ્પર્ધામાં હોઈએ જ,” ગુલે હસીને કહ્યું.

આથોસ એના સોહામણા ચહેરા તરફ ને હસી ત્યારે એના મોગરાની કળીઓ જેવા દાંત તરફ તાકી રહ્યો.

“શું જોયા કરે છે આથોસ?” ગુલે કહ્યું, “કદી મારો ચહેરો નથી જોયો?”

“ચહેરો તો જોયો છે,” આથોસ બોલ્યો, “પણ એના પરની ભાવના આજે જ જોઈ.”

“જા હવે ચિબાવલા,” ગુલે ફરી હાસ્ય રેલાવતા કહ્યું, “અત્યારે આપણે બારમા ધોરણમાં છીએ ને પછી કોલેજમાં જઈશું, પછી ગ્રેજ્યુએશન પૂરું થશે, પછી મારો ચહેરો ને ભાવનાઓ તું જોયા કરજે.”

“કેમ આટલું મોડું?” આથોસે ઉત્સુકતાથી પૂછ્યું.

“વખત આવ્યે સમજાશે,” ગુલે પગ ઉપાડતાં કહ્યું, “ચાલ હવે આગળ.”

બન્ને આગળ ચાલ્યાં. બજારમાંથી ગુલે નોટબુક ખરીદી અને બન્ને કલેક્ટર ઓફિસની બાજુના વિઠ્ઠલનાથ મંદિરની બાજુમાં પોર્ટુગિઝ લોકોની વસ્તીમાં આવેલા પોતાના ઘર તરફ ચાલવા લાગ્યાં.

આથોસનું ઘર ગલીના આ છેડે હતું. એના ઘરમાં એના દાદા, પપ્પા અને મમ્મી હતાં ને ગુલનું ઘર ગલીના બીજા છેડે હતું. એના ઘરમાં એનાં મમ્મી અને પપ્પા હતાં.

સ્થિતિ બન્નેનાં ઘરની સાધારણ હતી. આથોસના દાદા અને પપ્પાનું સોમનાથ મહાદેવના મંદિર પાસે ફોર વ્હીલરના રિપેરિંગ માટેનું ગેરેજ હતું, જ્યારે ગુલના પપ્પા માછીમારી કરતા હતા.

બીજા દિવસે વક્તૃત્વસ્પર્ધામાં ગુલ પહેલા નંબરે આવી અને આથોસ બીજા નંબરે. આમ પણ, જ્યારે જ્યારે હાઈસ્કૂલમાં ડિબેટ યોજાતી ત્યારે ગુલ કે આથોસ એમાંથી એક પહેલા નંબરે અને બીજો કે બીજી બીજા નંબરે જ આવતા. હાઈસ્કૂલના નાટકોમાં પણ બન્ને ભાગ લેતાં ને એમનું પર્ફોર્મન્સ ખૂબ વખણાતું.

બારમા ધોરણની પરીક્ષા પણ પતી ને બન્નેનું પરિણામ પણ આવ્યું. બન્ને પ્રથમ વર્ગ સાથે પાસ થયાં હતાં.

“ગુલ,” પરિણામ આવ્યા પછી આથોસે પૂછ્યું, “હવે આગળ શું કરવાનું છે?”

“તું શું કરવાનો છે?” ગુલે સામો સવાલ કર્યો.

“હું તો સરકારી કોલેજમાં દાખલ થઈશ. અંગ્રેજી વિષય સાથે બી.એ. થઈશ ને પછી એમ.એ. કરવાની મારી ઈચ્છા છે. ખોદાયજી જે કરે તે ખરું,” આથોસે કહ્યું.

“મારી પણ એ જ ઈચ્છા છે,” ગુલ બોલી, “પણ હું ગુજરાતી વિષય રાખવા માગું છું. એમ.એ. તો કદાચ થાય કે ન થાય પણ બી.એ. તો થવું જ છે ને પછી બી.એડ. કરીશ, તો ક્યાંક હાઈસ્કૂલમાં શિક્ષિકા તરીકે નોકરી મળી શકે.”

“સારું,” આથોસે કહ્યું, “ચાલ, કાલે જ કોલેજમાં ફોર્મ ભરી આવીએ.”

બીજા દિવસે બન્ને સરકારી કોલેજમાં ગયાં પણ ફોર્મ ભરવાની તારીખ હજી દૂર હતી એટલે રસ્તામાં ચ્હા-નાસ્તો કરીને બન્ને ઘેર આવ્યાં.

બીજા દિવસે સવારના ગુલે આથોસને ફોન કર્યો.

“આથોસ,” ગુલે કહ્યું, “આજે મારી ઈચ્છા મારા પપ્પા સાથે દરિયામાં જવાની છે. તારી ઈચ્છા હોય તો તું અત્યારે મારે ત્યાં આવી જા, આપણે સાથે જઈશું. મારા પપ્પા માછલી પકડશે એ જોવાની મઝા આવશે.”

“દસ મિનિટમાં આવું છું,” આથોસે કહ્યું, “તું રાહ જોજે.”

દસમી મિનિટે તો આથોસ ગુલના ઘેર પહોંચી પણ ગયો. ગુલના પપ્પા નીકળવાની તૈયારી જ કરતા હતા. આથોસ આવ્યો એટલે ત્રણે જણા દરિયા તરફ રવાના થયા.

કિનારે ગુલના પપ્પાની નાવ લાંગરેલી હતી. થોડું પાણીમાં ચાલીને ગુલ અને આથોસ નાવમાં બેઠાં. ગુલના પપ્પા લંગર છોડીને નાવમાં સવાર થયા ને એમણે એન્જિન ચાલુ કર્યું. થોડી વારમાં તો નાવ દરિયામાં ક્યાંય આગળ નીકળી ગઈ.

ગુલના પપ્પાએ નક્કી કરેલી જગ્યાએ જાળ નાખી. અડધોએક કલાક રાહ જોયા પછી એમણે અને ગુલે મળીને જાળ ખેંચી. ઢગલાબંધ માછલીઓ એમની બોટમાં ઠલવાઈ. એ પછી સહેજ આગળ નાવ લઈ જઈને એમણે બીજી વખત જાળ નાખી ને આ વખતે પણ ઢગલાબંધ માછલીઓ નાવમાં ઠલવાઈ.

“બસ બેટા,” ગુલના પપ્પા બોલ્યા, “હવે પાછા વળી જઈએ. વધારે માછલીઓનો ભાર નાવ સહન નહીં કરી શકે.”

એમણે નાવ કિનારે લીધી. કિનારા પર માછલી ખરીદનારાઓ ઊભા જ હતા. એમણે સોદો પાર પાડી દીધો.

“ચાલ આથોસ,” ગુલ બોલી, “હવેનું કામ પપ્પા કરશે, આપણે તો મઝા કરી લીધી.”

બન્ને ઘેર આવ્યાં. માછલીની ગંધથી આથોસ મુક્ત થવા સીધો જ બાથરૂમમાં ઘુસ્યો.

પછીના દિવસે કોલેજમાં ફોર્મ ભરાવાનાં હતાં એટલે ગુલ અને આથોસ કોલેજ ગયાં. ફોર્મ અને ફી ભરીને બન્ને પાછાં આવ્યાં.

“આથોસ,” ગુલે કહ્યું, “આ વખતે તો મેં માંડે માંડ ફી ભરી છે, માછલીઓની આવક હમણાંથી ખાસ થતી નથી એટલે તકલીફ પડે છે.”

“મારું પણ એવું જ છે ગુલ,” આથોસે કહ્યું, “હમણાં હમણાં નવી નવી ગાડીઓ દમણમાં બહુ આવી ગઈ છે એટલે રિપેરિંગ ખાસ હોતું નથી. આવક પણ ખાસ થતી નથી. તમારે તો ઓછી ફી ભરવાની હોય છે પણ છોકરાઓને વધારે ફી ભરવાની હોય છે. આ તકલીફ તો ત્રણ વરસ રહેવાની જ.”

પહેલું વરસ શરૂ થયું. બન્નેએ અભ્યાસ શરૂ કરી દીધો. અહીં પણ ડિબેટ ને નાટકોમાં બન્ને ભાગ લેતાં ને પહેલો કે બીજો ક્રમ એમણે હાઈસ્કૂલની જેમ જ જાળવી રાખ્યો હતો.

પહેલા વરસની પરીક્ષા બન્નેએ સારા ટકા સાથે પાસ કરી અને બીજું વરસ પણ શરૂ થઈ ગયું.

બીજા વરસમાં પણ બન્નેએ મહેનત કરેલી એટલે બન્નેને સારા ગુણ મળ્યા ને ત્રીજું અને કોલેજનું છેલ્લું વરસ શરૂ થયું.

એ વરસમાં પણ બન્નેની મહેનત રંગ લાવી અને બન્ને પ્રથમ વર્ગ સાથે બી.એ. થઈ ગયાં.

આથોસ અને ગુલના પપ્પાએ એ જ સાંજે સંયુક્ત પાર્ટી રાખી અને પાર્ટીમાં જ બન્નેના સગપણની જાહેરાત કરી દીધી!

બીજા મહિને તો મોટી દમણના બોમ જીસસ ચર્ચમાં બન્નેના લગ્ન પણ સાદાઈથી થઈ ગયા.

લગ્ન પછી ગુલનું ઘર બદલાયું - ગલીના પેલા છેડેથી હવે એ આ છેડે આવી ગઈ!

“આથોસ,” લગ્નના દસેક દિવસ પછી આથોસના દાદાએ કહ્યું, “અલ્યા, તમે લગ્ન તો કર્યા પણ હનીમૂન માટે તો ગયા જ નહીં! બોલો, ક્યારે જવું છે?”

“ઉપડીએ દાદા,” આથોસે કહ્યું, “પણ જવું ક્યાં ને કઈ રીતે?”

“અં.....એક કામ કરો,” આથોસના દાદા બોલ્યા, “આપણી નેનો લઈને દીવ જાવ. ત્યાં લગભગ દમણ જેવું જ છે પણ મઝા પડશે ને ત્યાં મારો કાકાનો દીકરો ફિરંગીવાડામાં રહે છે, હું એને ફોન કરી દઉં છું. તમે ત્યાં ચાર-પાંચ દિવસ રહી આવો.”

દાદા આટલું કહીને અટકી ન ગયા, એમણે પેટ્રોલ માટે પાંચ હજાર રૂપિયા ને વાપરવા માટે દસ હજાર રૂપિયા આથોસને આપ્યા.

બીજા દિવસે જ બન્ને સવારે પાંચ વાગ્યે નેનો લઈને ઊપડ્યાં. વાયા ભાવનગર મોડી સાંજના તો એ દીવ પહોંચી પણ ગયાં.

કાકાને ત્યાં ચાર દિવસ રહ્યાં એમાં એમને નાગુઆ બીચ પર મઝા આવી ગઈ. એમણે ત્યાંનું ચર્ચ, આઈ.એન.એસ. ખુકરી એ બધું જોયું.

ચોથે દિવસે પરોઢિયે એમણે દીવ છોડ્યું ને ગાડી દમણ તરફ ભગાવી.

રસ્તામાં, ભાવનગર પહોંચતાં પહેલાં રોડની જમણી તરફ એક બોર્ડ તરફ આથોસની નજર ગઈ - અલંગ શીપ યાર્ડ.

“ગુલ,” આથોસે કહ્યું, “આ શીપયાર્ડમાં શીપમાંથી નીકળેલી વસ્તુઓ વેચાય છે. આપણે જઈશું?”

“પણ આપણી પાસે એટલા બધા પૈસા ક્યાં છે?” ગુલ બોલી.

“જોઈએ તો ખરા,” કહીને આથોસે ગાડી શીપયાર્ડ તરફ લીધી.

શીપયાર્ડમાં અનેક પ્લોટમાં શીપમાંથી નીકળેલી ચાદરો, ટુવાલ, વાસણો, ફ્રીઝ ને એવું ઘણુંબધું વેચાતું હતું પણ એમાંથી એકેયને એકેય વસ્તુ પસંદ ન આવી. છેલ્લે એક ખાડા પાસે ગુલની નજર એક નાનકડી તિજોરી પર ગઈ. એ ખાડા પાસે ગઈ અને એણે તિજોરી હાથમાં લીધી. તિજોરી બહુ વજનદાર નહોતી. તિજોરીની ઉપર લોખંડની એક ઊભી પટ્ટી હતી. ગુલે તિજોરી ખોલી, તો તિજોરીમાં અંદર એક આડી પટ્ટી હતી.

“ઓહ જિસસ,” એ બોલી, “આ તો ક્રોસની નિશાની છે. બહુ પવિત્ર ગણાય.”

એણે દુકાનદારને કિંમત પૂછી, ને હા-ના કરતાં એક હજાર રૂપિયામાં એણે તિજોરી ખરીદી લીધી.

એ લોકો મોડી રાત્રે મોટી દમણ પહોંચ્યાં. ગુલે તિજોરી પ્રાર્થનાઘર પાસે મૂકી દીધી. બીજા દિવસે સવારે એણે તિજોરીને પાણીથી ધોઈને, લૂછીને સ્વચ્છ કરી, પછી પ્રાર્થનાઘરમાં મૂકી દીધી.

“તું આ તિજોરીનું શું કરીશ ગુલ?” આથોસે પૂછ્યું, “નકામા હજાર રૂપિયા બગાડ્યા.”

“ના હો,” ગુલ બોલી, “મારા માટે આ તિજોરી પવિત્ર છે. હું રોજ એની પૂજા કરીશ.”

બીજા દિવસે આથોસે તિજોરી હાથમાં લીધી. તિજોરી ખોલીને એણે અંદર જોયું. અંદર આડી પટ્ટી થોડી થોડી હલતી હતી. એણે વિચાર્યું કે, ફેવીક્વિક કે કોઈ ગમથી એને સાંધી દઈએ તો આ હલવાનું બંધ થઈ જાય.

એ બજારમાં ઉપડ્યો ને ફેવીક્વિકની બે ટ્યુબ લઈ આવ્યો.

ઘેર આવીને એણે ગુલને કહ્યું કે અંદરની પટ્ટી થોડી હલે છે એટલે એને ફિક્સ કરવા હું ટ્યુબ લઈ આવ્યો છું. પછી તને પૂજા કરવાની મઝા આવશે.

> “ઓહ જિસસ, આ તો ક્રોસની નિશાની છે. બહુ પવિત્ર ગણાય. એણે દુકાનદારને કિંમત પૂછી ને હા-ના કરતાં એક હજાર રૂપિયામાં એણે તિજોરી ખરીદી લીધી”

“જમવાનું થઈ ગયું છે,” ગુલે કહ્યું, “પહેલાં આપણે જમી લઈએ. પપ્પા ને દાદાએ તો ક્યારનું જમી લીધું. આપણે જમી લઈએ એટલે હું વાસણ સાફ કરવા બેસું ને તમે તિજોરીની પટ્ટી ફિક્સ કરવા બેસજો.”

આથોસે જમી લીધું એટલે એ ફેવીક્વિકની ટ્યુબ લઈને તિજોરી ખોળામાં રાખીને પલંગ પર બેઠો.

એણે ફરીથી પટ્ટી હલાવી જોઈ. આ વખતે પટ્ટી વધારે હલી. એણે ફરીથી જોરથી પટ્ટી હલાવી તો પટ્ટીની સાથે આખું તળિયું ઊંચું થઈ ગયું ને નીચેનો ભાગ દેખાયો.

નીચેના ભાગ પર નજર પડતા જ આથોસ સ્તબ્ધ થઈ ગયો. અંદર ડોલરની નોટોના થપ્પા હતા!

એણે એક થપ્પો ઉપાડ્યો. સો ડોલરની એક એવી સો નોટ એ થપ્પામાં હતી, ને એવા દસ થપ્પા તળિયે હતા!

“ગુલ.....” એણે બૂમ પાડી, “જલ્દી અહીં આવ, જલ્દી.”

ગુલ આવી ને એણે આ દ્રશ્ય જોયું ને એની આંખો ભરાઈ આવી.

“મેં કહ્યું હતું ને કે,” ગુલ બોલી, “આ પવિત્ર છે.”

“કોઈ પ્રવાસીની કે કેપ્ટન કે અધિકારીની હશે,” આથોસે કહ્યું, “પણ એના પર નસીબ આપણું લખાયું હશે! અને મને શ્રધ્ધા છે કે તું સાથે હશે તો આપણે સુખથી સંસારસાગર પાર કરી શકીશું. તારો મારા માટેનો પ્રેમ જ આ ફળ મળ્યુંનું કારણ મને તો લાગે છે!”

મોટી દમણમાં એ વખતે મધ્યાહ્નનો સૂરજ તપતો હતો!

(શીર્ષકપંક્તિ: શર્મિષ્ઠા કોન્ટ્રાક્ટર)